ક્રમાંક: અનદ-૧/૫/માધ્ય/૨૦૧૯/25597 - 630

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડો. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૯/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિ- રાજકોટ

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને નિમણૂક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષકો/આચાર્યની કાયમી બહાલી આપવા બાબત.

સંદર્ભ:-(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧/૨૦૦૯/૩૫૧૬૨૦/ઘ તા.૨૫/૦૮/૦૯
(૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/ બીએમએસ/ ૧૧૦૯/ ૧૯૦૬/જી તા.૧૧/૦૨/૧૧ તથા વખતોવખત થયેલ સુધારા
(૩) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭૭/બીએમએસ/ ૧૧૧૫/ ૧૨૯૫/જી તા.૨૫/૦૭/૧૭ તથા વખતોવખત થયેલ સુધારા
(૪) જિલ્લા શિક્ષણાધિકારી રાજકોટના પત્ર ક્રમાંક: માધ્ય/ખ-૧/ભરતી/કા.બ./૧૯-૨૦ /૬૩૯૩ તા.૦૯-૦૭-૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ-૧માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૫/૦૮/૦૯ના ઠરાવથી અગાઉ શાળા સંચાલક મંડળ ને ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-૩૫ની જોગવાઈઓ અનુસાર શાળા સંચાલક મંડળ હસ્તક ભરતી અંગેની સત્તાનુસાર નિમણૂક પામેલ શિક્ષણ સહાયકો/જુના શિક્ષકો/આચાર્યને કાયમી બહાલી આપવાની જોગવાઈ અમલમાં હતી.

ત્યારબાદ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-૩૫ની જોગવાઈઓમાં સુધારો કરી શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૧૧ તથા તા.૨૫/૦૭/૧૭ના જાહેરનામાની જોગવાઈઓ તથા તેને આનુસંગીક થયેલ ઠરાવો અને જાહેરનામામાં સુધારા મુજબ રાજ્યની લઘુમતી સિવાયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકો/જુના શિક્ષકો/આચાર્યને કેન્દ્રીયકૃત ભરતી પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને જિલ્લા કક્ષાએ ચકાસણી કર્યા બાદ ઉમેદવારને નિમણૂક આપવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાઓને નિમણૂક અંગે ભલામણપત્ર આપવા અને શાળા સંચાલક મંડળ દ્વારા નિમણૂક અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

ઉપરોક્ત વિગતે રાજ્યની લઘુમતી સિવાયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૧૧ તથા તા.૨૫/૦૭/૧૭ના જાહેરનામાની જોગવાઈઓ તથા વખતોવખત થયેલ સુધારાની જોગવાઈઓ અનુસાર નિમણૂક પામેલ અને લાયકત/અનુભવ ધરાવતા શિક્ષણ સહાયકો/જુના શિક્ષકો/આચાર્ય ને કાયમી બહાલી આપવાની જરૂરીયાત જણાતી નથી.

નોંધ પર માન. નિયામકશ્રીના આદેશ અનુસાર.

એચ.એન.ચાવડા
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)

નકલરવાના: જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ